# માતાપિતા અને વાલીની માહિતી

## વિહંગાવલોકન

- દક્ષિણ કેરોલિના કૉલેજ અને કારકિર્દી માટેની તૈયારી મૂલ્યાંકન (SC READY) પ્રોગ્રામ એ ધોરણ 3-8માં અંગ્રેજી ભાષા આર્ટ્સ (ELA) અને ગણિતમાં અને ધોરણ 4 અને 6 માટે વિજ્ઞાનમાં રાજ્યવ્યાપી મૂલ્યાંકન છે. SC READY કસોટીઓ ELA, ગણિત અને વિજ્ઞાનના વર્ગોમાં ભણાવવામાં આવતા દક્ષિણ કેરોલિના કૉલેજ અને કારકિર્દી માટેની તૈયારી સંબંધિત માપદંડોને માપે છે. આ માપદંડો SCDE વેબસાઇટ પર આવેલા છે: https://ed.sc.gov/instruction/standards-learning/
- તેમની IEP ટીમ દ્વારા નિર્ધારિત દક્ષિણ કેરોલિના વૈકલ્પિક મૂલ્યાંકન (SC-Alt) માટે લાયક બનનારા વિદ્યાર્થીઓ સિવાય વિકલાંગ વિદ્યાર્થીઓ અને બહુભાષા શીખનારાઓ (ML) સહિત તમામ વિદ્યાર્થીઓ માટે SC READY આપવી જરૂરી છે.

## ટેસ્ટિંગ વિન્ડો

- દરેક જિલ્લાના સૂચનાત્મક કૅલેન્ડર દ્વારા નિર્ધારિત કર્યા મુજબ SC READY મૂલ્યાંકન **છેલ્લા 20 શૈક્ષણિક દિવસો દરમિયાન હાથ ધરવી જરૂરી છે**. જિલ્લા અને શાળાઓ કસોટીની ચોક્કસ તારીખો શેડ્યૂલ કરશે અને આ તારીખોને તેમની વેબસાઇટ્સ પર પોસ્ટ કરશે.
- SCDE એ જરૂરી બનાવે છે કે જિલ્લાઓ **ધોરણ ત્રણના ELA વાંચન મૂલ્યાંકનો કસોટી ટેસ્ટિંગ વિન્ડોના પ્રથમ પાંચ દિવસમાં** શેડ્યૂલ કરે, જેથી દક્ષિણ કેરોલિનાના સફળતા માટે વાંચો અધિનિયમ દ્વારા ફરજિયાત કરવામાં આવ્યા મુજબ ઉનાળાના વાંચનના કૅમ્પ ખાતે હાજરી નિર્ધારિત કરવા માટે વિદ્યાર્થીના કસોટીના સ્કોર મેળવી શકાય.

## કસોટી હાથ ધરવી

- SC READY કસોટીનો સમય નિશ્ચિત નથી. તેમ છતાં, વિદ્યાર્થીઓએ નિયમિત શાળાકીય દિવસો સમાપ્ત થાય તે પહેલાં દરેક કસોટી પૂર્ણ કરવી જરૂરી છે. ધોરણ 3-5 માટે ELA ને 3-ભાગની કસોટી તરીકે યોજવામાં આવશે. આ ભાગો નીચે મુજબ વહેંચવામાં આવશે: લેખન, ભાગ Aનું વાંચન અને ભાગ Bનું વાંચન. બધા વાંચન વિભાગો એક જ શાળાકીય સપ્તાહ દરમિયાન હાથ ધરવા આવશ્યક છે. ધોરણ 6-8 માં ELA કસોટી મૂળ બે-દિવસીય કસોટીના ફોર્મેટનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવશે. મૂલ્યાંકન બે દિવસમાં હાથ ધરવામાં આવશે, જેમાં દરેક વિભાગ અલગ-અલગ દિવસે આપવામાં આવશે: લેખન અને વાંચન.
- ધોરણ 3–5 માટે ગણિતની પરીક્ષા વસંત 2026 માટે બે દિવસની પરીક્ષા હશે. ગણિતની કસોટીના બે વિભાગો એક જ શાળાકીય સપ્તાહમાં હાથ ધરવા આવશ્યક છે. ધોરણ 6–8 માટે, ગણિતની કસોટી વિભાગમાં સુધારેલો ક્રમ હશે. "કેલ્ક્યુલેટર વિના" નો વિભાગ પહેલા હાથ ધરવામાં આવશે, ત્યારબાદ "કેલ્ક્યુલેટર સહિત" નો વિભાગ રહેશે અને એક દિવસીય કસોટી હાથ ધરવામાં આવશે.

## કસોટીનું ફોર્મેટ

- SC READY મૂલ્યાંકનો ફક્ત કોમ્પ્યૂટર આધારિત ફોર્મેટમાં હાથ ધરવામાં આવે છે. જોકે, વિકલાંગતાના કારણે ઑનલાઇન મૂલ્યાંકનમાં ભાગ ન લઈ શકતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે પેપર-આધારિત કસોટીની સગવડ ઉપલબ્ધ છે, જે તેમના IEP, 504 પ્લાન અથવા ILAP (બહુભાષી શીખનારાઓ માટે)માં દર્શાવેલું હોય છે.

## અનુવાદો/સુલભતા

- આ બ્રોશર, નમુનારૂપ સ્કોરના અહેવાલો અને લેખકની તપાસસૂચિ સહિતના વાલી માટેના સંસાધનો બહુવિધ ભાષાઓમાં અને સુલભ ફોર્મેટ્સમાં ઉપલબ્ધ છે. અનુવાદો, {2}મોટી પ્રિન્ટમાં દસ્તાવેજો ઍક્સેસ કરવા માટે વિદ્યાર્થી અને વાલીના સંસાધનો વેબપેજ પર જાઓ અથવા વૈકલ્પિક ફોર્મેટ્સની વિનંતી કરવા માટે આ વેબપેજ પર જાઓ: https://ed.sc.gov/tests/assessment-information/student-and-parent-resources/

## કસોટીની આઇટમોના પ્રકારો

- ELA, ગણિત અને વિજ્ઞાનની કસોટીઓમાં વિવિધ પ્રમાણમાં મુશ્કેલી ધરાવતા પ્રશ્નો હોય છે.
- ELA કસોટી ગ્રેડ 3-8માં પસંદગીના જવાબ (SR) ની આઇટમ, ગ્રેડ4-8માં ટેકનોલોજી વધારેલ (TE) ની આઇટમ અને ગ્રેડ 5-8 ગ્રેડમાં પુરાવા આધારિત જવાબ (EBSR) ની આઇટમ હોય છે. ELA કસોટીમાં લખાણ આધારિત લેખન (TDA) ની આઇટમનો પણ સમાવેશ થાય છે. TDWની આઇટમ માટે વિદ્યાર્થીઓ ફકરો(રા) વાંચે અને તેમના લેખિત જવાબો માટે લખાણ(ણો) નો ઉપયોગ કરતી વખતે કોઈ પ્રોમ્પ્ટ કે કાર્યનો જવાબ આપે તે જરૂરી છે.
- ધોરણ 3–8 માટે ગણિતની કસોટીમાં SR આઇટમો, બહુવિધ પસંદગી (MS) આઇટમો અને TE આઇટમો સામેલ હોય છે. TE આઇટમોમાં ડ્રેગ એન્ડ ડ્રોપ, હોટ સ્પોટ, ડ્રોપ-ડાઉન લિસ્ટ, મેચિંગ, ગ્રાફિંગ ઇનપુટ અને કીપેડ (જવાબ ટાઇપ કરો) સામેલ હોય છે.
- વિજ્ઞાનની કસોટીમાં SR, EBSR અને TE આઇટમના પ્રકારો સામેલ હોય છે, જેમ કે: ડ્રેગ એન્ડ ડ્રોપ, હોટ સ્પોટ (પસંદ કરવા માટે ક્લિક કરો), પ્રતિક્રિયાની મેળવણી કરો (માપદંડના આધારે પસંદ કરવા માટે ક્લિક કરો) અને લખાણના મુખ્ય અંશો. રચનાત્મક જવાબની આઇટમો સ્તંભાલેખ (આલેખમાં સ્તંભો બનાવવા માટે ક્લિક કરો), સંખ્યાત્મક જવાબ અને ડ્રોપડાઉન લિસ્ટ હોય છે. કસોટીઓમાં આલેખ, નકશો, ડાયાગ્રામ વગેરે સામેલ હોઈ શકે તેવા ફકરા અને તેની સાથે સંકળાયેલા ત્રણ પ્રશ્નોવાળા ઉત્તેજકોના સેટ પણ સામેલ હોય છે.



SOUTH CAROLINA STATE DEPARTMENT OF EDUCATION

DATA RECOGNITION DRC CORPORATION

## નમૂનારૂપ આઇટમો

### અંગ્રેજી ભાષા આર્ટસ

વિદ્યાર્થીના નિબંધનો ડ્રાફ્ટ વાંચો.

પ્રાણીસંગ્રહાલયના સંભાળકર્તાઓ તેમના દિવસો પ્રાણીઓ સાથે વિતાવે છે. તેઓ શીખે છે કે પ્રાણીઓને સૌથી વધુ શું ગમે છે અને તેમની સંભાળ કેવી રીતે રાખવી. ઘણા માણસો અને પ્રાણીઓ ખાસ સંબંધો બનાવે છે. પ્રાણીસંગ્રહાલયના સંભાળકર્તાઓ સમય સાથે પ્રાણીઓને વધતા અને બદલાતા જોઈ શકે છે. કેટલીકવાર, પ્રાણીસંગ્રહાલયમાં જન્મેલા પ્રાણીઓના બચ્ચાંઓને ખવડાવવા અને તેમની સંભાળ રાખવાની તક પણ મળે છે. આનાથી વધુ આનંદ અને ઉત્તેજક શું હોઈ શકે?

કયું વાક્ય ફકરાનો **શ્રેષ્ઠ** પરિચય આપશે?

**A.** હું આશા રાખું છું કે આ ઉનાળામાં મારા પરિવાર સાથે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઈશ.

**B.** ઘણા પ્રાણીસંગ્રહાલયમાં રીંછ અને વાંદરા જેવા પ્રાણીઓ જોઈ શકાય છે.

**C.** મને લાગે છે કે પ્રાણીસંગ્રહાલયમાં કામ કરવું એ શ્રેષ્ઠ પ્રકારની નોકરી હશે.

**D.** વિશ્વભરના શહેરોમાં સેંકડો પ્રાણીસંગ્રહાલય છે..

**ચાવી** = C

### ગણિત

આકૃતિ બ્રિજનો સપોર્ટ, એક કેબલ અને બ્રિજનો માર્ગ બતાવે છે.




બ્રિજનો સપોર્ટ 80 ફૂટ ઊંચો છે. કેબલની લંબાઈ 170 ફૂટ છે. બ્રિજ સપોર્ટના પાયાથી કેબલ જ્યાં જમીનમાર્ગ સાથે જોડાય છે ત્યાં સુધીનું અંતર, ફૂટમાં કેટલું છે?

**A.** 90
**B.** 150
**C.** 190
**D.** 250

**ચાવી** = B

### વિજ્ઞાન—ગ્રેડ 4

**આ પ્રશ્નના બે ભાગ છે.**

વિદ્યાર્થી વાંચે છે કે કેટલાક લોકો જે જગ્યાએ પક્ષીઓને એકઠા થતાં રોકવા માંગે છે ત્યાં મોટું પ્લાસ્ટિકનું ઘુવડ રાખે છે.

વિદ્યાર્થીએ તપાસ કરવાનું નક્કી કર્યું. ત્રણ અઠવાડિયા દરમિયાન તે વિદ્યાર્થીએ પ્લાસ્ટિકનું ઘુવડ રાખ્યું ન હતું તે વિસ્તારમાં હાજર પક્ષીઓની સંખ્યાની ગણતરી કરી. પછી, આગામી ત્રણ અઠવાડિયા દરમિયાન તે વિદ્યાર્થીએ તે જ વિસ્તારમાં પ્લાસ્ટિકનું ઘુવડ રાખવામાં આવ્યું હતું ત્યારે હાજર પક્ષીઓની સંખ્યાની ગણતરી કરી.







**ભાગ A:** કયું વિધાન વિદ્યાર્થીએ જે અવલોકન કર્યું તેની સમજ આપતું હોવાની **સૌથી વધુ સંભાવના** ધરાવે છે?

**A.** અન્ય પક્ષીઓ ઘુવડને ટાળે છે.
**B.** ઘુવડો અન્ય પક્ષીઓને ટાળે છે.

**ભાગ B:** ભાગ Aમાં પસંદ કરેલા જવાબને કયો ડેટા **શ્રેષ્ઠ રીતે** સમર્થન આપે છે?

**A.** જ્યારે પ્લાસ્ટિકના ઘુવડનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે વધુ પક્ષીઓ જોવા મળ્યાં હતાં.

**B.** જ્યારે પ્લાસ્ટિકના ઘુવડનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે ઓછા પક્ષીઓ જોવા મળ્યાં હતાં.

**ચાવી** = A/B

### વિજ્ઞાન—ગ્રેડ 6

*ગ્લોસોપ્ટેરિસ* એક પ્રાચીન પીછું હતું. *મેસોસુરસ* અને *સાયનોગ્નાથસ* પ્રાચીન સરીસૃપ હતા. નકશો બતાવે છે કે આ ત્રણ સજીવોના જીવાવશેષો જોવા મળ્યા છે.




પ્લેટ ટેક્નોનિક્સના સિદ્ધાંતને સમર્થન આપવા માટે નકશામાંથી કયું વિધાન પુરાવાનો **શ્રેષ્ઠ રીતે** ઉપયોગ કરે છે?

**A.** જીવવાશેષો દર્શાવે છે કે એક જમાનામાં ભૂમિના ભાગો ખૂબ દૂર હતા અને સજીવોએ તેની વચ્ચેના લાંબા અંતરની મુસાફરી કરી છે.

**B.** જીવવાશેષો દર્શાવે છે કે એક જમાનામાં ભૂમિના ભાગો જોડાયેલા હતા અને પછી ખૂબ લાંબા સમયગાળા દરમિયાન તેઓ અલગ થયા.

**C.** જીવવાશેષો દર્શાવે છે કે સજીવો જીવાવશેષ બન્યા તે પહેલાં ભૂમિના એક ભાગમાંથી બીજા ભાગમાં તરીને આવ્યા.

**D.** જીવાવશેષો દર્શાવે છે કે ભૂમિના બંને ભાગો પર સ્વતંત્ર રીતે સજીવો વિકસ્યા હતા અને સમયાંતરે જેમ ભૂમિ ભાગો અલગ પડ્યા તેમ તેમણે પોતાની સમાનતાઓ જાળવી રાખી.

**ચાવી** = B

## નમૂનારૂપ પ્રશ્નો, ટ્યુટોરિયલ્સ અને ઑનલાઇન ટૂલ્સ ટ્રેનિંગ (OTT)

SC READY વેબપેજ (https://ed.sc.gov/tests/middle/sc-ready/) અભ્યાસ, તૈયારી અને સંદર્ભ માટેના સંસાધનો પ્રદાન કરે છે અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- દરેક ધોરણ અને વિષય માટે કસોટીના પ્રશ્નોના નમૂના.
- ઑનલાઇન કસોટી સિસ્ટમનો ઉપયોગ કેવી રીતે કરવો તેના પર તબક્કાવાર સૂચનો સાથે ઑનલાઇન કસોટીનો વિડીયો ટ્યુટોરિયલ. શાળાએ કસોટી લેતા પહેલાં વિદ્યાર્થીઓ સાથે આ ટ્યુટોરિયલ્સની સમીક્ષા કરવી જોઈએ.
- ઑનલાઇન ટૂલ્સ ટ્રેનિંગ (OTT) (https://portal.te.drcedirect.com/SC) કોમ્પ્યૂટર મોડ્યૂલ જે કસોટીના વાતાવરણનું અનુકરણ કરે છે અને વિદ્યાર્થીઓને કસોટી માટેના સોફ્ટવેર અને કસોટી દરમિયાન ઉપલબ્ધ ટૂલ્સ જેમ કે હાઇલાઇટર, મેગ્નિફાયર અને કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરીને અભ્યાસ કરવા દે છે.

## કસોટીનાં પરિણામો

- જિલ્લાઓને 15 જુલાઈ સુધીમાં વ્યક્તિગત વિદ્યાર્થીના અહેવાલો (ISR)ની ઇલેક્ટ્રોનિક નકલો પ્રાપ્ત થશે. 30 જુલાઈ સુધીમાં, વાલીઓને વિતરણ કરવા માટે જિલ્લાઓને પેપરની નકલો પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓનાં પરિણામોની જાણ દરેક કસોટી માટે સ્કેલ સ્કોર, પ્રદર્શનનાં સ્તરો (વધુ છે, પૂરા કરે છે, પહોંચે છે અથવા પૂરા કરતા નથી) અને અહેવાલની શ્રેણી (નીચી, મધ્યમ અથવા ઉચ્ચ) મુજબ કરવામાં આવે છે.